# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૪ આસો-ઓક્ટોબર સળંગ અંક-૧૨૪

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **અહો નવકાર !!!**

★ **વિદ્યા અષ્ટક-૧**

★ **શાસ્ત્રદર્પણમાં આત્મદર્શન-૨**

★ **અનુમોદનામૃતમ્ (સમાચાર-સાર)**


## આર્ષવાણી

**दोषलक्षान् परित्यज्य,**

**गुणान् गृह्णन्ति साधवः ।**

**गुणलक्षाननादृत्य,**

**दोषान् पश्यन्ति दुर्जनाः ॥**

સજ્જન પુરુષો લાખો દોષોને છોડી સામી વ્યક્તિમાં રહેલા (થોડાપણ) ગુણોને ગ્રહણ કરે છે જ્યારે લાખો ગુણોને જોવા છતાં તેનો અનાદર (ઉપેક્ષા) કરીને દુર્જનો સામી વ્યક્તિના દોષો જુએ છે.

હરણ, માછલું અને સજ્જનપુરુષ અનુક્રમે ઘાસ, પાણી અને સંતોષથી જીવનારા હોવ છતાં સ્વાર્થી શિકારી નિષ્કારણ વૈરી બનીને તેઓને મારી નાંખે છે.





## અહો નવકાર !!!

**આલેખન : પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી) રાજાએ તે દુંડક ચોરને ગુનાપ્રમાણે સજા ફટકારતાં કહ્યું : 'આ ચોરને આખા નગરમાં ફેરવો, જેટલો અપાય તેટલો શારીરિક-માનસિક ત્રાસ આપો. છેલ્લે ફાંસીએ ચઢાવી દેજો.'

રાજાના હુકમ પ્રમાણે દુંડકને પૂરા નગરના રાજમાર્ગો ઉપર ફેરવી કદર્થના કરી. સાથે દાંડી પીટનારો દાંડી પીટતાં પીટતાં જાહેરાત કરતો હતો કે-હે નગરજનો ! જુઓ. ચોરી કરનારના આવા બૂરા હાલ થાય છે. ઘોર-ભયંકર અપભ્રાજના અને નિંદા થાય છે. વિડંબણા પૂર્વક કમોતે મરવાની સજા થાય છે...માટે કોઈએ પણ ચોરી કરવી નહીં : વળી, આ ચોર કોઈની પણ પાસે કાંઈપણ માંગે તો કોઈએ આપવું નહીં. ચોરની સવારી ફાંસીના માંચડે લગભગ પહોંચવા આવી.

રાજાએ એમ પણ જણાવ્યું કે - 'આ ચોરની સાથે કોઈએ પણ વાત-ચીત ન કરવી. છતાં કોઈ કરે તો મને જાણ કરવી.'

ફાંસીએ ચઢાવતાં પૂર્વે રાજપુરુષોએ તે ચોરને કડક તડકામાં ઊભો રાખી દીધો. ઉપરથી સૂર્ય અંગારા જેવો તાપ વરસાવી રહ્યો છે. નીચેથી ધરતી પણ તપી ગયેલી છે. ગરમીની આતાપનાના કારણે તે દુંડક ચોરને ભયંકર તરસ લાગી છે... રસ્તેથી પસાર થતા સહુ કોઈ પાસે દીનતા પૂર્વક પાણીની યાચના કરી રહ્યો છે. કરુણ સ્વરે કરગરી રહ્યો છે. સૌનાં દિલમાં દયા તો જાગે છે. પરંતુ રાજાના ભયના કારણે કોઈ તેને પાણી આપવા તૈયાર થતું નથી. વળી, રાજાનો હુકમ હતો. ફાંસીએ ચઢાવતાં પૂર્વે થાય એટલી શારીરિક-માનસિક પીડા આપશો. તેથી વધુ ને વધુ આતાપના લેવડાવે છે. જેમ જેમ તેને દુઃખ થાય છે, તેમ તેમ રાજસેવકોને રાજાના હુકમ પ્રમાણે સજા આપ્યાનો સંતોષ થાય છે.

પાણીની તૃષાથી આકુળ-વ્યાકુળ થઈ રહેલા દુંડકે યાચના ચાલુ રાખી છે. રાજાના સેવકો આજ્ઞાને આધીન હોવાથી પાણી આપી શકતા નથી. વટે માર્ગુઓના પણ હાથ બંધાયેલા છે. કારણ, રાજાનો હુકમ છે. જો પાણી આપે તો તેનેય સજા મળે. રાજા-વાજાં ને વાંદરા...તેનો ભરોસો ન કરાય. તેથી કોઈ પાણી આપવાનું સાહસ કરી શકતા નથી. અત્યંત રાંહડાની જેમ તે દુંડક ચોર તરસની ત્રાસદાયક પીડા સહી રહ્યો છે. લાચારી આનું જ નામ !

એમાં વળી ત્યાંથી એક જિનદત્ત નામનો શ્રાવક પસાર થયો. તેને પણ આ

ચોરે પાણી માટે વિનંતિ કરી...શ્રાવક વિશેષ દયાળુ ચિત્તવાળો હતો. ચોરના ચહેરા પરથી જિનદત્તને એમ લાગ્યું કે- બિચારો તરસના ભયંકર દુઃખથી રિબાઈ રહ્યો છે. પાણી વગર વલખાં મારી રહ્યો છે. તરફડી રહ્યો છે. બીજી પરવા કર્યા વગર જિનદત્ત તે ચોરની નજીક ગયો. જિનદત્ત પાસે હાલ તો પાણી ન હતું. પણ આશ્વાસન આપવા માટેના શબ્દો તો હતા. પહેલાં માનસિક રાહત કરાવું, પછી પાણી લાવીને આપું... એવા ભાવથી તે જિનદત્ત શ્રાવકે ચોરને કહ્યું : જો ભાઈ ! હું તને પાણી લાવીને આપું છું. પરંતુ હું પાણી લઈને આવું ત્યાં સુધી તું નવકાર ગણતો રહેજે. એમ કરી ત્યાં જ નવકાર શીખવાડ્યો. તે ચોર નવકારના સ્મરણમાં લીન થયો. નવકારના ધ્યાનમાં અને પાણી હમણાં આવી જશે, એમ વિચારતો રહ્યો. નવકારના સ્મરણમાં આગળ વધતાં પાણીના - તરસના વિચારો ગૌણ થઈ ગયા. બીજી તરફ જિનદત્ત શ્રાવક પાણી લેવા માટે ગયો. હુંડકને તરસ એટલી લાગી કે પ્રાણ કંઠે આવી ગયા! નિર્દય રાજસેવકો તો બાજુમાં ઊભા ઊભા ટગર-ટગર જુએ છે.

હુંડક ચોર તો નવકારમાં લીન થઈ ગયો. નવકારના ઉપયોગમાં જ મરણને શરણ થયો. અંત સમયે નવકારનું સ્મરણ કે શ્રાવક મળી જાય તો સમાધિ સુલભ બની જાય. ચૌદ પૂર્વધરો પણ મરણ નજીક આવે ત્યારે આ જ મહામંત્રનું સ્મરણ કરે છે ! નવકારમંત્રમાં મરણની કારમી પીડામાંય સ્વસ્થતા - સદ્‌ભાવોમાં જીવને રાખવાનું કૌવત છે. જીવ શારીરિક - માનસિક પીડાને ભૂલીને આત્મધ્યાનમાં લીન બની શકે છે. ક્લેશ-સંક્લેશથી તે જીવને આબાદ બચાવી લે છે. આર્તધ્યાનમાં અને રૌદ્રધ્યાનમાં જતા જીવને રોકી ધર્મ ધ્યાન તરફ વાળી દે છે ! નવકારના સ્મરણમાં લીન થયેલો જીવ મોતની પીડા પણ વિસરી જાય છે. મંત્રાધિરાજના ધ્યાનમાં ક્યારે જીવ નીકળી ગયો તેની ખબર પણ પડતી નથી. નવકાર તો જીવનોય સાથી છે. અંત સમયનોય સાથી છે. આ નવકારમાં અદ્‌ભુત શક્તિ છે. તમામ પ્રકારનાં દુઃખોમાંથી મુક્તિ આપવાનું અને દુનિયાનાં સર્વ સુખો આપવાનું વિશિષ્ટ સામર્થ્ય છે !!

નમસ્કાર મહામંત્રના ધ્યાન-સ્મરણમાં જીવ ચાલ્યો ગયો. ચોરનું પ્રાણ પંખેરું ઊડી ગયું. જીવનનાં વર્ષો જેણે ઘોર પાપમાં વીતાવ્યાં હતાં, તેને અંતસમયે નવકાર મળી ગયો. તેણે સમગ્ર દેદાર બદલી નાખ્યા. નરકમાં લઈ જનારાં - તાણી જનારાં પાપો કરનાર ચોરને આ નવકારે વિશિષ્ટ ઋદ્ધિવાળો દેવનો ભવ આપી દીધો !

બીજી તરફ, રાજપુરુષોએ જિનદત્ત શ્રાવકની વાત રાજાને કરી દીધી. રાજાનો ગુસ્સો જિનદત્ત પર પણ ઠલવાયો. ગુસ્સા - ક્રોધને કારણે રાજાએ બીજો



કાંઈપણ વિચાર કર્યા વગર જિનદત્તને પણ શૂળીએ ચઢાવવાની આજ્ઞા ફરમાવી. રાજસેવકો તો રાજાનો હુકમ સાંભળતાં જ જિનદત્ત શ્રાવકને શૂળીના સ્થાને લઈ ગયા. સત્તાના સ્થાને રહેલા જીવનો અહમ ઘવાય, પોતાની આજ્ઞાનું પાલન ન થાય, પોતાનું ધાર્યું ન થાય એટલે તેને ગુસ્સો આવતો હોય છે. એ વખતે જીવ ક્રોધાંધ બની જાય છે. પોતાના મગજ ઉપર પોતાનો કંટ્રોલ રહેતો નથી. ઉતાવળમાં મોટે ભાગે ભૂલ ભરેલો નિર્ણય લેવાઈ જાય છે.

આ બાજુ હુંડક ચોર મૃત્યુ પામી યક્ષ બન્યો હતો તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે - હું ક્યાંથી આવ્યો છું ? જિનદત્ત શ્રાવકનો ઉપકાર જણાયો. ઉપકારીની પોતાના જ કારણે થયેલી કદર્થના જોઈ. જિનદત્ત શેઠના ઉપકારનો બદલો વાળવાનો સુંદર મોકો મળ્યો છે, એમ સમજી તરત જ શૂળીના સ્થાને યક્ષ આવી પહોંચ્યો.

આકાશમાં રહીને જ યક્ષે રાજા અને પ્રજાને સંબોધતાં એમ કહ્યું : હે રાજન્! હે પ્રજાજનો ! સાંભળો. તમે ભેગા થઈને જિનદત્ત શ્રાવકની શા માટે ખોટી વિટંબણા કરો છો ? નિર્દોષ અને દયાળુ આ પુણ્યશાળી છે. તેને પીડા ન આપો. આ ભાગ્યશાળીએ પાપીને પણ પુણ્યશાળી બનાવ્યો છે. દુર્ગતિમાં જતા જીવનો ઉદ્ધાર કર્યો છે. નવકારમંત્રને શરણે લઈ જઈ મારો ઉદ્ધાર કર્યો છે !

આકાશમાં જ મોટી શિલા વિકુર્વીને તે યક્ષ કહે છે : જુઓ, તમે તમારા અપરાધની તેમની પાસે જઈ ક્ષમા નહીં માંગો તો બધાને તથા સંપૂર્ણ નગરને આ શિલા નીચે કચડી નાંખીશ ! તમે નિરપરાધી જીવને હણવા તૈયાર થયા છો માટે હું કોઈનેય નહીં છોડું ! રાજા હોય કે પ્રજા, કોઈએ પણ નિર્દોષને સજા ન કરવી જોઈએ. તમે દયાળુ ઉપર નિર્દય બન્યા છો. વગર વિચાર્યું કાર્ય કરી રહ્યા છો. આનું પરિણામ સારું નહીં જ આવે.

દેવનું વિકરાળ રૂપ, તેની તેજાબી ભાષા, નગર તથા નગરજનોના ભુક્કા બોલાવી દે તેવી તોતિંગ શિલા જોઈ રાજાથી લઈ, રાજપુરુષો, નગરજનો બધા જ ગભરાઈ ગયા ! બધા જ દિઙ્‌મૂઢ થઈ ગયા. બધાના ધબકારા વધી ગયા. ભયભીત થયેલા તે સહુ યક્ષરાજને નમસ્કાર પૂર્વક કહેવા લાગ્યા કે - હે યક્ષરાજ! અમોએ જાણતાં કે અજાણતાં જે કાંઈ અપરાધ કર્યો હોય તેની ક્ષમા આપો. અમને જીવન દાન આપો. જગતમાંય કહેવત છે : 'ભય વગર પ્રીત નહીં.' માથે ભય ઊભો થઈ ગયો એટલે બધાનો ઘમંડ ઊતરી ગયો. અભિમાન ટળી ગયું. નમ્રતા આવી ગઈ. અભિમાન મારે છે, નમ્રતા તારે છે.

યક્ષરાજે રાજાદિને જણાવ્યું કે - હું બીજો કોઈ નહીં, દુંડક ચોરનો જ જીવ છું. શૂળીએ ચઢાવતાં પહેલાં આતાપના (અસહ્ય તાપ)માં ઊભા રાખવાના કારણે મને અસહ્ય તૃષા લાગી હતી. પાણી વગર માછલી તરફડે તેમ હું આકુળ - વ્યાકુળ બન્યો હતો. જતાં - આવતાં લોકો પાસે હું પાણીની યાચના કરતો... રાજાના હુકમથી ડરેલા કોઈ મને પાણી આપતા નહોતા. તેવામાં એ જિનદત્ત શ્રાવક પસાર થયા. મેં તેમની પાસે પણ તરસની પીડાથી મુક્તિ મેળવવા માટે પાણી પીવડાવવા વિનંતિ કરી. દયાવાન આ શ્રાવક, મારી પીડાને સમજી, રાજાની આજ્ઞાની પણ અવગણના કરી મને પાણી લાવી આપવા તૈયાર થયા. મને નવકાર શીખવાડી, તેનું સ્મરણ કરવાનું જણાવી, તે પાણી લેવા ગયા. તેઓ પાણી લઈને આવે તે પૂર્વે જ નવકારના સ્મરણમાં મારું મરણ થયું...! એ શ્રાવકે આપેલા મંત્રાધિરાજના સ્મરણથી જ ભયંકર વેદનામાં સમતા-સમાધિમાં મરીને હું યક્ષરાજ થયો છું. આવા મહા-ઉપકારી પુણ્યાત્માને તમે ફાંસી આપવા તૈયાર થયા છો... નિરપરાધીને મોતને ઘાટ ઊતારવાની તૈયારી કરી રહ્યા છો... તમને કોણ માફ કરે ? નિર્દોષને મારવો, તેને સજા કરવી તે પણ મોટો અપરાધ જ છે. તે અપરાધની સજા તમારે ન ભોગવવી હોય અને જીવતા રહેવું હોય તો જાઓ, તે જિનદત્તની માફી માંગો, તેમનું શરણ સ્વીકારો તો જ તમને જીવતા રહેવા દઈશ.

રાજા વગેરે ભયભીત અવસ્થામાં જ જિનદત્ત શ્રાવકના શરણે ગયા. પોતાના અપરાધની ક્ષમા માગી. અલબત્ત, જિનદત્ત શ્રાવક તો ક્ષમાના ભંડાર જ હતા. પોતે તો અપરાધી પ્રત્યે પણ દુશ્મનાવટ - શત્રુતા રાખનારા નહોતા. દયાના સાગર હતા. ધીર-વીર-ગંભીર હતા. પ્રભુનાં વચનો તેમના દિલમાં કોતરાયેલાં હતાં. 'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકૂળ સુજ્ઞાની...' આવી આત્મ હિતની વાતો તેમના જીવનમાં ચરિતાર્થ થતી જોવા મળતી હતી. હૃદય જ જ્યારે પ્રભુના શાસનથી, શાસ્ત્રોની કલ્યાણકારી વાતોથી ભાવિત થયેલું હોય ત્યાં વિના પ્રયત્ને પણ તેઓ ક્ષમાનું દાન કરવામાં હંમેશા તૈયાર જ હોય. પરોપકારનો પ્રસંગ આવે ત્યાં આવા જીવો પ્રાણને પણ હોડમાં મૂકવા તૈયાર થઈ જાય છે. પરોપકારમાંથી જ ઊભી થયેલી પૂરી વિટંબણા હોવા છતાં તેઓ પોતાના વિચારોથી અલાયમાન થયા નથી. નબળા વિચારોના શિકાર બન્યા નથી. આ જ ધર્મી આત્માની સાચી ઓળખ છે. જ્યારે પણ પોતાના જીવનમાં દુઃખ કે પ્રતિકૂળતા ઊભી થાય ત્યારે પોતાના કર્મનો જ દોષ જુએ અને વિચારે પરંતુ ક્યારેય કોઈ જીવ યા જડને દોષ ન આપે, કારણ એ તો માત્ર નિમિત્ત છે. ઉપાદાન તો મારો



આત્મા જ છે. આવા આવા વિચારોથી ભાવિત થયેલો એ જીવ સમભાવમાં રહી કર્મોને ખપાવે છે.

રાજા વગેરે બધા જ લોકો જિનદત્ત શેઠ (શ્રાવક) પાસે ગયા. પોતાના અપરાધની ક્ષમા માંગી. યક્ષે પોતાના ઉપકારી શ્રાવકને બચાવ્યા, જ્યારે શ્રાવકે ચોરને દુર્ગતિ અને દુઃખોથી બચાવ્યો. ઉપકારીના ઉપકારનો બદલો વાળવો તે કૃતજ્ઞતા ગણાય છે. આવો કૃતજ્ઞતા ગુણ સૌએ પોતાના જીવનમાં લાવવા જેવો છે.

ઉપકારીના ઉપકારને ન ગણનારો કૃતઘ્ન (નિમક હરામ) કહેવાય છે. આમાં પ્રથમ કરેલા ઉપકારો વિશેષ ગણાય છે. એમાંય વળી બદલાની ભાવના વગર (પ્રત્યુપકારની અપેક્ષા વગર) ઉપકાર કરનાર વાસ્તવિક પરોપકારી - નિઃસ્વાર્થી અને કલ્યાણમિત્રની ગરજ સારનારો કહેવાય છે. મિત્રનો સંબંધ બાંધીને દગો દેનારા, પોતાનો સ્વાર્થ સાધનારા તો જગતમાં ઘણા છે. મિત્રનો દ્રોહ કરનારાય જગતમાં હોય છે. વાસ્તવિક મિત્રની વ્યાખ્યા તો એ છે કે સુખ હોય કે દુઃખ આવે તોય હંમેશા પડખે જ ઊભો રહે. મિત્રની ખરી કસોટી તો આપત્તિમાં થતી હોય છે. સંપત્તિમાં મિત્ર બનવા માટે કોઈને બોલાવવા નથી પડતા. જ્યારે વિપત્તિમાં મિત્રોને બોલાવવા છતાં આવતા નથી.

શેઠની માફી માંગવાના કારણે યક્ષરાજે શિલા સંહરી લીધી. બધાએ આફત ટળી જવાથી રાહતનો દમ લીધો. નવકારમંત્રના પ્રભાવની લોક હૈયામાં પ્રતિષ્ઠા થઈ. કલ્યાણ મિત્રની ઓળખ થઈ. ધર્મના મહિમાનો પરિચય મળ્યો. પાપોનાં પ્રક્ષાલનની રીત પ્રાપ્ત થઈ.

શેઠના ખોટી રીતે થયેલા, કરેલા અપમાનનું પાપ અને કલંક મિટાવવા માટે રાજાએ તથા નગરજનોએ ભેગા મળી શ્રેષ્ઠીને હાથીની અંબાડી ઉપર બેસાડી, વીજતે - ગાજતે, ધૂમ-ધામપૂર્વક તેમનો નગર પ્રવેશ કરાવ્યો. એટલું જ નહીં, આવા ગુણિયલ શ્રેષ્ઠીને રાજાએ 'નગર શેઠ' ની પદવી એનાયત કરી. એનોય વિશેષ આડંબર કર્યો. વળી, રાજાએ આ જિનદત્ત શેઠનું કિંમતી-મૂલ્યવાન વસ્ત્રો અને અલંકાર આપી વિશિષ્ટ બહુમાન કર્યું.

યક્ષ પોતાના સ્થાનમાં ગયો. નગરજનોએ શ્રેષ્ઠીના સમતાભાવ, ધર્મની ટેક-શ્રદ્ધા, પરોપકારવૃત્તિ વગેરેની ખૂબ ખૂબ પ્રશંસા કરી.

સંપૂર્ણ ઘટનામાં જે કાંઈ સારું થયું... શુભ બન્યું, ચમત્કાર જેવું લાગ્યું... તેમાં નવકાર મહામંત્ર જ છે. આવા મહાપ્રભાવશાળી નવકારના શરણનો આપણે પણ સ્વીકાર કરી આત્મોન્નતિના માર્ગે આગળ વધીએ, એ જ શુભ કામના. ધ

## ★ વિદ્યા - અષ્ટક ૧ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા**

સાતિશય જિનશાસનમાં જ્ઞાનનો; અણમોલ, સત્ય નીતરતો, અકાટ્ય, ત્રિકાળાબાધ્ય, દોષ રહિત, ગુણોની ખાણ સદૃશ મહાનખજાનો છે. શ્રી ગણધરભગવંતોએ રચેલ દ્વાદશાંગ (આગમ) શાસ્ત્રોથી લઈ હજારો ગ્રંથો એના પુરાવા છે. કાશ! ઘણું ઘણું કાળના ખપ્પરમાં હોમાઈ જવા (નાશ પામવા) છતાં હજી બચ્યું છે, તે આપણા માટે તો મોટી મૂડી છે. ગૌરવ લઈ શકાય અને લગભગ તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવાની ક્ષમતાવાળું જ્ઞાન જૈનશાસનમાં છે. પ્રાયઃ તમામ વિષયોનાં સમાધાન આ ગ્રંથ-ખજાનામાં ધરબાયેલાં છે. ખેર, આપણે સંપૂર્ણ અવલોકન નથી કરી શક્યા તેથી ક્યાંક અટકી જઈએ એવું બનવા જોગ છે. મોતી-રત્નો મેળવવા જેમ રત્નાકર (સમુદ્ર) માં ડૂબકી મારવી પડે, તેમ આ ખજાનાનું અવગાહન કરવું પડે. શાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કરવો પડે.

હા, એ માટે ગુરુગમ તથા તેવા પ્રકારનો ક્ષયોપશમ પણ ખૂબ જ આવશ્યક છે. એના વગર તો અનર્થ પણ થઈ શકે. ક્યારેક આ ભવસાગર તરવા માટેનાં શાસ્ત્રો ગુરુગમ વગેરેના અભાવે 'શસ્ત્ર' પણ બની જાય... ભવભ્રમણ વધારનારાં બની જાય... ક્યારેક શ્રદ્ધાનો કે પાત્રતાનો અભાવ પણ 'મારક' બની બેસે. તરવાની આવડત ન હોય તો છીછરું જળ પણ ડુબાડી દે ને તરવૈયો હોય તો ઊંડા પાણીમાંય ન ડૂબે. મતલબ એ થયો કે - જ્ઞાન - ક્રિયાનો સમન્વય થાય તો કાર્ય થાય. બેમાંથી એકનોય અભાવ ન જ ચાલે. બંનેનું જોડાણ સુયોગ્ય હોવું જરૂરી છે. જ્ઞાનમાં ખામી હોય તોય ગરબડ થાય અને ક્રિયામાં ઊણપ હોય તોય સારું પરિણામ ન મળે. માટે જ તો જ્ઞાની ભગવંતોએ સૂત્ર મૂક્યું :- ज्ञान-क्रियाभ्यां मोक्षः ।

અહીં 'વિદ્યા' શબ્દ મુખ્યત્વે જ્ઞાનના અર્થમાં વપરાયો છે. વિદ્યાષ્ટકના પ્રથમ શ્લોકમાં જ વિદ્યા - અવિદ્યાનું સ્વરૂપ જણાવ્યું છે. યોગના અભ્યાસીઓ (યોગી જીવો) એ વિદ્યા - અવિદ્યાના સ્વરૂપને જણાવતાં 'આત્મા કેવો છે ?' તેના વાસ્તવિક બોધને વિદ્યા અને વિપરીત બોધને અવિદ્યા ગણાવે છે.

સામાન્યથી વિચારીએ તો મહોપાધ્યાય યશોવિજયજી મ. પોતે જ્ઞાની અને યોગી છે. પણ પુરાવા તરીકે પોતાનો ઉલ્લેખ ન કરતાં યોગાચાર્ય શબ્દ દ્વારા ભૂતકાલીન યોગનો અભ્યાસ કરી, તેમાં સિદ્ધિ મેળવનારા યોગીઓની વાત કરી છે. સાથે આ રીતે વાત કરવાથી પોતે માનકષાયથી બચી જવા માંગે છે. પોતાની બડાઈ કે મહત્ત્વાકાંક્ષાને પોષવાથી દૂર રહેવા માંગે છે. આ રીતે આપણા જેવા



જીવોને પણ આવા અભિમાનથી દૂર રહેવાનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

ચાલો, એ આદ્ય શ્લોકના સથવારે વિદ્યા-અવિદ્યાની જાણકારી મેળવી લઈએ.

नित्य-शुच्यात्मताख्याति-रनित्याशुच्यनात्मसु ।
अविद्या तत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ।।१।।

**ભાવાર્થ :** ૧. અનિત્ય એવા પર - સંયોગોમાં નિત્યપણાની, ૨. નવ દ્વારોથી અશુચિ વહાવતા શરીરમાં પવિત્રતાની અને ૩. આત્માથી ભિન્ન પુદ્‌ગલાદિમાં આત્માપણાની બુદ્ધિ તે અવિદ્યા છે. આત્મામાં નિત્યપણાની, પવિત્રપણાની અને આત્મપણાની બુદ્ધિ એ વિદ્યા છે; એમ યોગદૃષ્ટિથી સંપન્ન યોગાચાર્યોએ જણાવ્યું છે.

અવિદ્યાને સમજવા માટે જેમ ત્રણ મુદ્દા મૂક્યા છે, તેમ વિદ્યાને સમજવા માટે પણ ત્રણ મુદ્દા આપ્યા છે.

(૧) અનિત્ય એવા પર - પુદ્‌ગલના સંયોગમાં નિત્યપણાની બુદ્ધિ.

પુદ્‌ગલ માત્ર વિનાશી છે. મતલબ, પુદ્‌ગલના પર્યાયો હંમેશા બદલાયા જ કરે છે. માટે જ તો કહેવાય છે કે - 'સર્વં ક્ષણિકમ્.' બધું જ ક્ષણવિનાશી છે.

સવારે તાજું - સુશોભિત - ખુશ્બુદાર પરિમલ વહાવનારું - આકર્ષક ગુલાબ ૪-૬ કલાકમાં કે સાંજ પડે કરમાયેલું - શોભા રહિત - સુગંધ વિહોણું અને અણગમો પેદા કરનારું અનુભવાય છે. દુનિયાના તમામ પદાર્થોમાં આવું જ પરિવર્તન હંમેશા ચાલ્યા જ કરે છે.

માનવ શરીરની વાત કરીએ તો જન્મ સમયે કે બાલ્યાવસ્થામાં ગોરું - આકર્ષક - ચમકીલું - મોહક દેખાતું શરીર; ઉંમર વધતાં કે પ્રૌઢાવસ્થા ઓળંગ્યા બાદ શ્યામ - અનાકર્ષક - નિસ્તેજ - કરચલિયો અને પળિયાં (સફેદવાળ) વગેરેના યોગે અણગમાના ભાવ જગાડનારું બને છે. પરિવર્તનનો પવન ચૈતન્ય અને જડઃ બંને જગતમાં ફૂંકાયા જ કરે છે. બાગ - બંગલા - ગાડી - લાડી - સજાવટ વગેરે બધે જ આવું પરિવર્તન ચાલું જ હોય - રહે છે. તેથી જ અનુકૂળ - પ્રતિકૂળ, આકર્ષક - અનાકર્ષક, ગમો - અણગમો, સતેજ - નિસ્તેજ, ગોરું - કાળું, રાગજનક - દ્વેષજનક, ભવ્ય - ભયાનક, સુગંધ - દુર્ગંધ, સરસ - વિરસ વગેરે ભાવો જગતમાં જોવા મળ્યા જ કરે છે.

અનિત્યમાં નિત્યતાનો ખોટો બોધ કરાવનાર કોણ છે ? આનો જવાબ અજ્ઞાની જીવો જુદો જુદો ગમે તે આપતા હોય પણ સમ્યગ્જ્ઞાનને વરેલા, શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિવાળા અને સમ્યગ્દર્શન ગુણસંપન્ન જીવો કહે છે : મોહ - મોહનીયકર્મનો ઉદય આમાં જવાબદાર છે. મોહે ઊભી કરેલી મૂઢતા આવો વિભ્રમ

પેદા કરાવે છે. અલબત્ત, આ મોહની સાથે અજ્ઞાનતા (જ્ઞાનાવરણીયકર્મ) પણ સાથ આપે છે. જ્યાં જ્ઞાનાવરણીયકર્મ હોય ત્યાં દર્શનાવરણીયકર્મની હાજરી અવશ્ય હોય છે. એકલું મોહનીયકર્મ જ્યાં સત્યાનાશ વેરવા સમર્થ હોય ત્યાં જ્ઞાનાવરણીય - દર્શનાવરણીયકર્મનો સાથ મળી જાય તો દશા કેવી થાય ? પ્રલય ન સર્જાય તો જ નવાઈ કહેવાય !

વિનાશીમાં અવિનાશીનો અને અવિનાશીમાં વિનાશીનો ભ્રમ સંસારમાં પારાવાર પાપો કરાવે છે. વિનાશીમાં વિનાશિતાની અને અવિનાશીમાં નિત્યતાની બુદ્ધિ આવી જાય તો અનાદિની અવળી ચાલમાં પ્રચંડ પરિવર્તન આવી જાય. આવું પરિવર્તન આવતાં જ વિનાશીપણાના કારણે શરીર, સંપત્તિ, સ્વજન વગેરે નજરે દેખાતી ચીજો ઉપરના રાગ-દ્વેષનો નાશ થઈ જાય... તેની જગ્યાએ વૈરાગ્યના ભાવ ઉજાગર થઈ જાય. વૈરાગ્ય આવતાં જ જીવનમાં પાપોની નહીં, ધર્મની વૃદ્ધિ થાય. તેના મન - વચન - કાયાના યોગો સાવદ્ય (પાપ સહિત) વ્યાપારની જગ્યાએ નિરવદ્ય કાર્યો તરફ વળવા લાગે છે. સંસાર, સંસારના ભાવોમાં નિરસતા આવવા લાગે છે. સંસારમાં રહેવું પડે, પાપકાર્યો કરવાં પડે તો ત્યાં રસ નથી હોતો, ઉદાસીનતા હોય છે. સંસારની ક્રિયા વેઠ ઉતારવા જેવી અને ધર્મની ક્રિયા રસપૂર્વક થાય છે.

કાયાથી પાપ કરતી વખતે મન તેમાં સાથ નથી આપતું. જૂઠ બોલવાની કરવી પડતી ક્રિયા સમયે મન દુભાય છે. અર્થાત્ કોઈપણ સાવદ્યમાં પ્રવર્તતા દેહ અને વચનમાં મન અલિપ્ત રહેવા માંગે છે. ગેરહાજરી પુરાવા માંગે છે. ગર્ભિત - આશય એ છે કે - પાપ માત્રથી તે જીવ મન - વચન - કાયા : ત્રણેને દૂર રાખવા માંગતો હોય છે.કાયાથી થતાં પાપોમાં વચન - મનથી બચવા ઈચ્છે છે. કાયા - વચનની પાપવૃત્તિમાં મનને આસક્તિથી દૂર રાખે છે. મનમાં ઊઠેલા પાપવિચારોને શક્યતયા નિષ્ફળ કરવાનો પુરુષાર્થ કરે છે. કાશ ! આ માટે મન ઉપર ખૂબ જ વૉચ જોઈએ. હાથીને અંકુશથી વશમાં રાખવાની જેમ મનને અંકુશમાં રાખવું પડે છે. સતત જ્ઞાનોપયોગમાં વર્તતો જીવ જ આ કાર્યમાં સફળતા વરી શકે છે.

આ બધાનાં મૂળમાં 'પુદ્ગલનો સંપર્ક - સંબંધ ક્ષણિક છે. પુદ્ગલ માત્ર પરિવર્તનશીલ છે. નજરે દેખાતાં અને પોતાની માલિકીનાં ગણાતાં પુદ્ગલોય ક્યારે સ્વરૂપ બદલે કે અદશ્ય થઈ જાય : તેનો ભરોસો નથી.' આવી ભાવના દઢપણે હોવી જોઈએ. જગતના પદાર્થો અને ભાવો નશ્વર છે. ક્યારેય સ્થિર રહેતા નથી. અસ્થિરભાવોમાં સ્થિરપણાની બુદ્ધિ મિથ્યા છે. આ અવિદ્યા છે. શાસ્ત્રકારભગવંતની દષ્ટિએ વિચારીએ તો અનિત્યને નિત્ય માનનારો મૂર્ખ છે,



ગમાર છે, અજ્ઞાની છે. જ્ઞાનીઓને મન આવા જીવો દયાપાત્ર છે. કરુણાભાવનાને યોગ્ય છે. સમજાવવા છતાં આ જીવો ન જ સમજે, ન જ સુધરે ત્યારે માધ્યસ્થ્ય ભાવનાને યોગ્ય બની જાય છે.

પુણ્યના ઉદયથી આવેલું સુખ કે સુખનાં ગણાતાં સાધનોય અનિત્ય છે, તેમ પાપના ઉદયથી મળેલાં દુઃખ કે દુઃખનાં ગણાતાં સાધનોય અનિત્ય જ છે. તેથી સુખમાં આસક્તિ કે દુઃખમાં દીન બનવાની જરૂર નથી. 'આ દિવસો પણ કાયમ રહેવાના નથી, ચાલ્યા જવાના છે.' આવી વિચારણા પૂર્વક સ્થિતપ્રજ્ઞ રહી રાગ - દ્વેષાદિને જીતવાના છે. અપેક્ષાએ કહીએ તો પુદ્ગલો તો માયાજાળની રચના કરે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગર આ માયાને ઓળખવામાં બુદ્ધિમાન ગણાતા માનવો - પંડિતોય સફળ થઈ શકતા નથી ! કારણ, આવા પંડિતોની બુદ્ધિ અવિદ્યાગ્રસ્ત હોય છે. 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' ની વાતને તે સ્વીકારવા તૈયાર હોતા નથી. બ્રહ્મ એટલે આત્માને પ્રત્યક્ષ ન જોવાથી, તેના વિષે વાસ્તવિક બોધ ન હોવાના કારણો, એ જ સાચું છે. એ વાત તેના મગજમાં ગોઠવાતી નથી. બીજી તરફ જગતમાં દેખાતા ભાવો, પદાર્થો ચર્મચક્ષુથી પ્રત્યક્ષ હોવાથી તેને મિથ્યા તરીકે કઈ રીતે માને ? એ પદાર્થોની પરિવર્તનશીલતાનો તેને સાંગોપાંગ બોધ નથી. બોધ જ ન હોય ત્યાં શોધ ક્યાંથી હોય ? બોધ વિના તેના ઊંડાણનો, વિસ્તારનો વિચાર જ ક્યાંથી આવે ? લંબાઈ - પહોળાઈ - ઊંડાઈ વગર રહસ્ય (તાગ) ન જ પામી શકે એ સ્વાભાવિક છે. સમુદ્રના ઊંડાણ - પેટાળમાં ગયા વગર મરજીવોય રત્નો ન જ મેળવી શકે.

પાણીમાં રહેલા પરપોટા જેવા, હાથીના કાન જેવા, કપટી માણસના ધ્યાન જેવા, વિજળીના ઝબકારા જેવા સંસારના પૌદ્ગલિક ભાવોમાં માણસ નિત્યની કલ્પના કરી મોહમાં તણાય છે. આ ભાવોમાં પરિવર્તન આવી જતાં ઉદાસ - હતાશ - નાસીપાસ થાય છે. દુર્ધ્યાન કરી ક્લિષ્ટ કર્મો બાંધે છે. આ પૌદ્ગલિક પદાર્થોનું આકર્ષણ જ જીવને સુખ કરતાં દુઃખની ભેટ ઘણી મોટી ધરી દે છે ! સુખનો રાગી અને દુઃખનો દ્વેષી એ જીવ પારાવાર પીડા અને યાતનાનો ભોગ બને છે. પાયામાં મુકાયેલી એક જ ઊંધી ઈંટ કેવાં કેવાં અનર્થોનું સર્જન કરે છે ? એ પણ સુદીર્ઘ કાળનું...!

અનિત્ય પદાર્થમાં નિત્યની કલ્પના કરવાની જેમ બીજી પણ કેટલીક કલ્પનાઓ જીવ કરતો જ રહે છે, જેને જ્ઞાની ભગવંતો, યોગાચાર્યો અવિદ્યા ગણાવવા સાથે અસત્કલ્પનારૂપે ગણાવે છે. શેખચલ્લીના વિચારો સાથે સરખાવે છે. આ કલ્પના (વિચારો) માણસને ઊંધે રવાડે ચઢાવી દે છે. અવિદ્યાના યોગે

જીવ જરૂર પડે અનંતાં - જન્મ - મરણ વધારવાનું કાર્ય કરે છે. મતલબ એ થયો કે આ અવિદ્યા જ ભવભ્રમણનું કારણ બને છે. મિથ્યાત્વની હાજરીમાં અવિદ્યા હોય છે. સમ્યગ્દર્શન આવ્યા બાદ અવિદ્યા ચાલી જાય છે. તેની જગ્યાએ 'વિદ્યા' હાજર થઈ જાય છે. અવિદ્યા મોહની સમર્થક છે, જ્યારે વિદ્યા સમ્યક્ત્વને સમર્થન આપનાર છે. વિદ્યા આવ્યા પછી મોહ નબળો પડી જાય છે.

અવિદ્યાની હાજરીમાં માણસ; જગતના સામાન્ય જીવો જેવો જ ઊંધો બોધ ધરાવે છે. તેની મતિ મોહથી આચ્છાદિત હોય છે. મોહાચ્છાદિત જીવનો બોધ મોટેભાગે (અત્યંત મંદ મિથ્યાત્વીને છોડીને) ઊલટ - સૂલટ હોય છે. વાદળાંઓથી ઢંકાયેલા સૂર્યનો પ્રકાશ જેમ ધૂંધળો હોય છે, તેમ આ જીવનો બોધ પણ અસ્પષ્ટ-ધૂંધળો હોય છે. આ બોધ અવિદ્યાનો સમર્થક બને છે. સામાન્યથી વિદ્યા - અવિદ્યાના ભેદમાં નિત્યતા - અનિત્યતા, પવિત્રતા - અપવિત્રતા અને આત્મતા - અનાત્મતા કારણરૂપ છે.

અવિદ્યા - વિદ્યાને મુદ્દાસર અલગ કરીએ.

- નિત્યપણામાં અનિત્યતાનો બોધ અને અનિત્યતામાં નિત્યપણાનો બોધ તે અવિદ્યા
- પવિત્ર એવા આત્મામાં અપવિત્રતાનો અને શરીરાદિ અપવિત્ર ચીજોમાં પવિત્રતાનો બોધ તે અવિદ્યા.
- આત્મામાં અનાત્મતાનો બોધ અને અનાત્મતામાં આત્મપણાનો બોધ તે અવિદ્યા.

તે જ રીતે...

- અનિત્ય પદાર્થોમાં અનિત્યતાનો બોધ (બુદ્ધિ) અને નિત્ય એવા આત્મદ્રવ્યમાં નિત્યતાની બુદ્ધિ તે વિદ્યા છે.
- પવિત્ર આત્મામાં પવિત્રપણાનો બોધ અને અસુચિ વહાવતાં પુરુષનાં નવ અને સ્ત્રીનાં બાર છિદ્રોવાળા અપવિત્ર શરીરમાં અપવિત્રતાનો બોધ તે વિદ્યા.
- આત્મદ્રવ્યમાં આત્મપણાની અને આત્મા સિવાયનાં દ્રવ્યોમાં અનાત્મપણાની બુદ્ધિ તે વિદ્યા.

અવિદ્યાને વાસ્તવિક રીતે વિચારીએ તો 'બોધ' કહેવાય જ નહીં... પરંતુ કોઈ પણ (ઊંધી - ચતી) જાણકારીને વ્યવહારમાં બોધ કહેવાય છે, તેથી અહીં અવિદ્યામાંય બોધ શબ્દનો પ્રયોગ કર્યો છે. બાકી તો વિદ્યાને જ સાચો બોધ કહેવાય.

વિદ્યાને અહીં ગ્રંથકારે તત્ત્વબુદ્ધિ ગણી છે અને અવિદ્યાને અતત્ત્વબુદ્ધિ ગણાવી છે. તત્ત્વબુદ્ધિનો મતલબ છે, જેનું જેવું સ્વરૂપ હોય તેને તેવા જ સ્વરૂપે સ્વીકારવું. દા.ત. નિત્યને નિત્ય, અનિત્યને અનિત્ય તરીકે સ્વીકારવું.

(ક્રમશઃ) ५



# ★ શાસ્ત્રદર્પણમાં આત્મદર્શન-૨ ★★★

-પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

જીવે બહારની દુનિયાનાં દર્શન મળેલી ચર્મચક્ષુ સ્વરૂપ બે આંખોથી તો ખૂબ જ કર્યાં છે. જેમ જેમ આ બાહ્યદર્શન થતાં ગયાં, તેમ તેમ જીવ દુર્ધ્યાનના પ્રવાહમાં વધુ ને વધુ તણાયો, તણાતો ગયો. સારું જોઈનેય દુઃખી થયો, ખરાબ જોઈનેય દુઃખી જ થયો. રાગ કરીને દુઃખી થયો, તેમ દ્વેષ કરીને પણ દુઃખી જ થયો. કારણ, રાગ અને દ્વેષ : બંને અંતે તો દુર્ધ્યાનના જ પ્રકારો છે, અસમાધિનાં જ કારણો છે. કર્મબંધનાં એટલે કે આશ્રવનાં જ નિમિત્તો છે. આ બાહ્યદર્શન સમ્યગ્જ્ઞાનનાં ચક્ષુથી થાય તો આશ્રવને સંવરમાં ફેરવવાનું સામર્થ્ય મળી જાય. એવી કળા આત્મસાત્ થઈ જાય. પરિણામે જીવ; પાંચ ઈન્દ્રિયના વિષયોના સંપર્કમાં આવવા છતાં રાગ-દ્વેષથી બચી શકે છે. કારણ, વિષયો ભોગવવા છતાં એ જીવ સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં એ વિષયોને વિષ જેવા ગણે છે. વિષયોના વિવિધ પુદ્‌ગલોના બદલાતા પર્યાયોને જુએ છે. ભવ્યમાંથી ભયાનક, સોહામણાંથી બિહામણાં, નવામાંથી જૂના... આમ પરિવર્તન પામતાં પરિણામોને તે જ્ઞાનના માધ્યમથી જોઈને; જ્ઞાની ભગવંતોએ ભાખેલા ભાવોથી પોતાના આત્માને ભાવિત બનાવે છે. આ ભાવો જ આશ્રવથી આત્માને બચાવે છે... એટલું જ નહીં; ઘણીવાર તો આત્માને વૈરાગ્યના ભાવોથી ભરી દે છે. તેના અંતઃકરણને વૈરાગ્યથી વાસિત કરી દે છે! સામાન્ય જીવો આ જ વિષયો ભોગવતાં, તેના સંપર્કમાં આવતાં કે માત્ર તેનાં સ્મરણ કરતાંય રાગાદિના ભાવોથી પોતાના આત્માને દૂષિત કરી નિકાચિત(ચીંકણાં) - અનિકાચિત કર્મો બાંધે છે.

વિષયોની પ્રાપ્તિ કરનારો જ નહીં; તેને પ્રાપ્ત કરવા માટેની ઝંખના - વલોપાતથી પણ ભયંકર કર્મોપાર્જન કરી જીવ ભવભ્રમણ વધારી દે છે. વિષયોની પ્રાપ્તિ માટેના વિચારોથી દુર્ધ્યાન અને પાપબંધ ચાલુ થઈ જાય છે. ભોગવવાના સમયે જેવા રાગ - દ્વેષાદિ થાય તે પ્રમાણે પાપમાં રસ (ચિકાસ) પડે છે. મતલબ, તે પ્રમાણે ચીંકણાં કર્મોનો બંધ થાય છે. માત્ર ચીકણાં કર્મો બંધાય છે એટલું જ નહીં; અનુબંધ પણ ખરાબ પડતો હોવાથી એની પરંપરા ચાલે છે. આવી પરંપરા ક્યારેક તો અનંતકાળે પણ અટકતી નથી. આ જ કારણે કરુણાથી પરિપ્લાવિત ચિત્તવાળા, પરોપકારપરાયણ જ્ઞાની ભગવંતો આની ભયંકરતાનાં દિગ્દર્શન કરાવે છે. આંગળી ચીંધવા દ્વારા કે દીવાદાંડી ધરવા દ્વારા સાવધાન રહેવા, અટકવા જણાવે છે. તેઓનું આ માર્ગદર્શન નિઃસ્વાર્થ હોય છે. જ્ઞાની ભગવંતોની એકાંત હિતકારી આ વાતો માત્ર માનવા જેવી નહીં; માણવા જેવી પણ હોય છે. માનવાથી આત્મા સમ્યગ્દર્શન ને પામે છે, માણવાથી સમ્યક્ચારિત્રનો આસ્વાદ (મજા) લે છે.

અવધૂત યોગી શ્રીઆનંદઘનજી મ. પોતાની આંતરિક પરિણતિને સહજભાવે

શબ્દોમાં ઉતારતાં અથવા પોતાના જ આત્માને મોહની પ્રગાઢ નિદ્રામાંથી જાગૃત કરવા માટે કહે છે : 'અવધૂ! ક્યાં સોવે તન મઠ મેં, ઉઠ જાગ વિલોકન ઘટ મેં...' હે આત્મન્ ! શરીર રૂપી મઠમાં કેમ સૂઈ ગયો છે? ઊઠ જાગ... ઊંઘનો ત્યાગ કર. ગુણોનો સર્વથા ઘાત કરનારી નિદ્રાનો પરિત્યાગ કર. જાગીને તારા આત્મામાં અવલોકન કર, આત્માનું નિરીક્ષણ કર. બહારની દુનિયામાં ખૂબ જોયું. જ્યારે જ્યારે આંખો મળી ત્યારે તેનો ઉપયોગ માત્ર ને માત્ર બહારની, પુદ્ગલોથી નિર્માણ પામેલી સારી-નરસી (શુભાશુભ પર્યાયોવાળી) દુનિયાને જોવામાં જ કર્યો... કારણ, ભીતરમાં (આત્મામાં) જોવા માટેની વાત મારા સ્વપ્નમાંય નહોતી. એ દિશા બતાવનાર કોઈ નહોતું મળ્યું. તે માટેની રીત-ભાત; ગતિ-વિધિનું જ્ઞાન મારી પાસે નહોતું... ક્યારેક જ્ઞાન મળ્યું હતું ત્યારે પ્રસાદ આડો આવ્યો. પ્રમાદના ઈશારે મોહે મારી સૂઝ-બૂઝ સંહરી લીધો હતી. મારા ઉપર મારું નહીં; મોહનું શાસન - સામ્રાજ્ય(હકુમત) પ્રસ્થાપિત થયેલું હતું. મોહના એકચક્રી સામ્રાજ્ય હોવાથી તેના ઈશારે હું નાચતો હતો. એનો આજ્ઞાંકિત સેવક બની ગયો હતો. મારી પોતાની સૂધ-બૂધ ખોઈ બેઠો હતો. મને હિપ્નોટાઈઝ કર્યો હોય એવી મારી હાલત હતી. મારાં મન-વચન-કાયા કે આત્મા પર મારો કાબૂ નહોતો. દુનિયામાં એવી રીતે રહેતો કે મારા જાતને જ હું ઓળખતો નહોતો.

(ક્રમશઃ) ધ

## ★ અનુમોદનામૃતમ્ (સમાચાર-સાર) ★★★

- સંકલન

પૂ. આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨. તથા પ્રવર્તિની પૂ.સા.ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ બોરસદ - કાશીપુરાના શ્રીવીશા ઓસવાલ શ્વે.મૂ.જૈન સંઘમાં ચાતુર્માસ બિરાજમાન છે. પૂજ્યોની નિશ્રામાં ત્રણે સંઘના સામૂહિક વર્ષીતપ નિર્વિઘ્ને ચાલી રહ્યા છે. લગભગ ૫૦% થી આધિક દિવસો પૂરા થઇ ગયા છે.

**વર્ષીતપવાળાને સામૂહિક પ્રથમયાત્રાઃ**

પ્ર.શ્રા.વ.૧૩ તા.૧૪.૮.૨૦૨૩ સોમવારે સાંજે ચાર કલાકે તપસ્વીઓ ગૃહત્યાગ કરી બધા ભાગ્યશાળી ઉપાશ્રયે પધાર્યા. પૂ.ગુરુદેવની નિશ્રામાં આવ્યાં. મંગલાચરણાદિ થયા બાદ જરૂરી સૂચનો આપાયા. ત્યારબાદ પૂ.ગુરુભગવંતે વિધિપૂર્વક યાત્રા કઈ રીતે કરવી? તેનું શાસ્ત્રીય માર્ગદર્શન આપ્યું. સંક્ષેપમાં પણ અત્યંત માર્મિક એ માર્ગદર્શન હતું. ૭૦ થી અધિક કલ્યાણક ભૂમિઓની સ્પર્શના - યાત્રા અને શ્રીઆદિનાથપ્રભુના પારણાની ભૂમિ - હસ્તિનાપુરની યાત્રા કરી યાત્રિકો ૧૪ મા દિવસે એટલે કે - દ્વિ.શ્રા.સુ.૧૨ તા.૨૮.૮.૨૦૨૩ સોમવારે બપોરે બોરસદ આવી ગયા. ગુરુદેવના મંગલ આશિષથી અપૂર્વ ઉલ્લાસ-ઉત્સાહ સાથે નિર્વિઘ્ને યાત્રા થઈ.



એમાંય પૂજ્યશ્રીએ કલ્યાણભૂમિ અને પરમાત્મભક્તિનાં (ધ્યાન-સંવેદના માટે) લખાણો આપેલાં, તે વાંચવા-સાંભળવાથી ભાવ ખૂબ આવ્યો. જિંદગીનાં સંભારણાં જેવી સૌની યાત્રા થઈ. વર્ષીતપના આયોજકોએ તમામ તીર્થો વગેરેમાં સુંદર વ્યવસ્થા કરી હતી. ઉપવાસના દિવસોમાં જ શિખરજીની તથા રાજગૃહી વગેરે પહાડયાત્રા થઈ. બિયાસણાંની ગોઠવણ પણ સુચારુ હતી. ક્યાંય અવ્યવસ્થા નહોતી. યાત્રાના મુખ્યલાભાર્થી ઉર્વશીબેન શૈલેષભાઈ હતાં.

યાત્રા કરવા પ્રસ્થાન કર્યું ત્યારે સૌને છઠ્ઠ હતો. આવ્યા બાદ એક બિયાસણું કરી છઠ્ઠ તપ આવ્યો હતો.

બીજી બાજુ દર રવિવારીય બાળશિબિર(વાચના) ચાલુ જ હતી. તેના લાભાર્થીમાં પ્રભાવના (રૂ.૫૦) સંઘવી વિમળાબેન કુમારપાળભાઈ બાગરેચા પરિવાર તરફથી તથા અલ્પાહાર (જેમાં સાધ્વીજી મ.ની વાચનાની બહેનો પણ) શ્રીહન-શ્રીમાન. પાર્શ્વ-વિશ્વા( શ્રીમતી ભાનુબેન ઠાકોરલાલ શાહ) તરફથી અપાતો હતો.

દ્વિ.શ્રા.વ.૭ તા.૭.૮.૨૦૨૩ સોમવારે શ્રીશાંતિનાથપ્રભુના ચ્યવનકલ્યાણના દિવસે, શાંતિનાથ જિનાલયે સંતિકરં અભિષેકનું અનુષ્ઠાન રાખવામાં આવેલ. તેનો તથા અભિષેક બાદ આયોજિત સાધાર્મિક વાત્સલ્યનો લાભ શ્રીદામોદર જેચંદ પંચે લીધો હતો.

વચમાં દ્વિ.શ્રા.સુ.૫ તા.૨૧.૮.૨૩ સોમવારે કવિકુલ કિરીટ, વ્યા.વા.પૂ.આ.ભ. શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે ગુણાનુવાદ તથા રૂ.૨૫ની પ્રભાવના થયેલ.

દ્વિ.શ્રા.વદ ૧૧ તા.૧૦.૯.૨૩ રવિવારે પૂ.સમતાનિધિ, ચારિત્રરત્ન પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી ગણિવરની સ્વર્ગારોપણ તિથિપ્રસંગે તેઓશ્રીના ગુણાનુવાદ તથા રૂ. ૪૫ની પ્રભાવના થયેલ.

દ્વિ.શ્રા.વ.૬ તા.૫.૯.૨૩ સોમવારે તપસ્વી-સમ્રાટ પૂ.આ.ભ. શ્રીમદ્વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજાની પુણ્યતિથિ નિમિત્તે સમૂહ આયંબિલ,બહેનોની પૂજા તથા ગુણાનુવાદ વગેરે થયેલ. આયંબિલ પૂજાનો લાભ શ્રીમતી ભાનુબેન ઠાકોરલાલ ચંદુલાલ પરિવારે લીધો હતો. રૂ.૨૫ની પ્રભાવના થઈ હતી.

**પર્વાધિરાજની આરાધનાઃ**

દ્વિ.શ્રા.વ.૧૩ તા.૧૨.૯.૨૩ મંગળવારથી પર્યુષણાપર્વનો પ્રારંભ થયો. એમાં રોજ સવારે સમૂહમાં રાઈપ્રતિક્રમણ થતું. બહેનો-ભાઈઓનાં બંને સ્થાનોમાં પ્રભાવના થતી. (લગભગ - ૪૦-૪૫ રૂ. ની)

સવારે ૬.૦૦ કલાકે બહેનોનાં મંગલ પ્રભાતિયાં તથા ૮.૧૫ કલાકે સ્નાત્ર ભણાવાતું હતું. ૯.૧૫ કલાકે પ્રવચન થતું. પ્રભાતિયાં-પ્રભાવના તથા સ્નાત્ર

રોજ થતું. આજે વ્યાખ્યાનમાં જીવદયાની ટીપ થઈ. ત્રણે જિનાલયોમાં રોજ અંગરચના થતી હતી.

પ્રથમ ત્રણ દિવસમાં અષ્ટાહ્નિકા પ્રવચનો થયાં. ત્રીજા દિવસે શ્રી કલ્પસૂત્ર વહોરાવવા વગેરેમાં ચઢાવા બોલાયા. વહોરાવવાનો લાભ શ્રીમતી રેખાબેન કિરીટભાઈ જીવણલાલ પરિવારે લીધો હતો. ચતુર્વિધ સંઘ તેમના નિવાસ સ્થાને પધારેલ. રૂ. ૫૦૦ - ૫૦૦ ની નોટ મૂકી દરેકે ગુરુપૂજન કરેલ. શ્રીફળની પ્રભાવના કરાયેલ.

એમાં દ્વિ.શ્રા.વ.૧૪ તા.૧૩-૯-૨૩ બુધવારે સાંજે શ્રી આદિનાથ જિનાલયે; વર્ષીતપના તપસ્વી અતુલભાઈ અશોકભાઈ વાસણાવાળાના જન્મ દિવસ નિમિત્તે તેમના પરિવાર તરફથી મહાપૂજાનું આયોજન કરાયું હતું. એમાં ભગવાનને વિશિષ્ટ અંગરચના, ગભારા - રંગમંડળનો ભવ્યશણગાર, અવનવી રંગોળીઓ, રચનાઓ, ફુવારા, રંગ - બેરંગી લાઈટો, દીવાની રોશની, મનમોહક ગેટ - કમાનોથી ભગવાનના દિવ્ય દરબારને સજાવ્યો હતો. આજે વ્યાખ્યાનમાં સાધર્મિક ભક્તિની ટીપ કરવામાં આવી હતી.

તે જ રીતે અયોધ્યાનગરી (જૈનવાડી) માં રાત્રે ૯.૦૦ કલાકે પ્રભુમિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભગવાનથી દૂર રહેલા આપણે ભગવાનની નજીક પહોંચવાના સેતુ સમાન, પૂ.આ.શ્રી વિજયમોક્ષરતિસૂરીશ્વરજી મહારાજાની રચનાના માધ્યમે આ પ્રભુમિલનનો ભવ્ય કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ કાર્યક્રમ માટે મુંબઈથી ખાસ સંગીતકાર સાગર કેંદુલકરને બોલાવવામાં આવેલ. બોરસદના તમામ જૈનો (ત્રણે સંઘો) દર્શન માટે અને કાર્યક્રમમાં પધાર્યા હતા.

ત્રીજા દિવસે પૂજારી, આયંબિલશાળા, ઉપાશ્રયમાં કામ કરનાર સ્ટાફના બહુમાનની ટીપ કરવામાં આવી હતી.

દ્વિ.શ્રા.વ.૦)) તા.૧૫.૯.૨૩. શુક્રવારે સવારે ૯-૦૦ કલાકે જ્ઞાનપદની પૂજા ભણાવવા પૂર્વક શ્રીકલ્પસૂત્રના વાંચનનો પ્રારંભ થયેલ. પૂજ્યશ્રીએ અક્ષરશઃ સંભળાવેલ.

પર્યુષણના શરૂઆતના સાત દિવસ શ્રીસંઘમાં વિભિન્ન લાભાર્થીઓ તરફથી સમૂહ એકાસણાં કરાવવામાં આવ્યાં હતાં.

પર્યુષણનો પાંચમો દિવસ, ભા.સુ.૧ તા.૧૬.૯.૨૩ શનિવાર સવારે કલ્પસૂત્રનાં બે વ્યાખ્યાનો થયાં. ત્યારબાદ સ્વપ્નાદિના ચઢાવાનો મંગલ પ્રારંભ થયો. શ્રીસંઘના સાધારણ ખાતામાં ૯ હજાર કે તેથી અધિક લખાવનારનાં નામો જાહેર થયાં. એમાંથી શ્રીસંઘનો નિભાવ થાય છે. તે ઉપરાંત જિનાલય સાધારણ ખાતાનાં મહિના વાર નામો લખાયાં, જેમાંથી જિનમંદિરનો નિભાવ થાય છે તથા પૂજારીનો પગાર, પૂજાની સામગ્રી લવાય છે.



તે ઉપરાંત નૂતન જૈન પાઠશાળા માટે માસિક ૫૫૫૫ રૂ. ની ટીપ થઈ. આયંબિલશાળા માટે પણ મહિનાના ૫૫૫૫ રૂ. પ્રમાણે ટીપ થઈ. લગભગ બધી યોજના પૂરી થઈ ગઈ.

ત્યારબાદ સ્વપ્ન દ્રવ્યના ચઢાવા શરૂ થયા. દર વર્ષ કરતાં લગભગ ૪ ગણી આવક થઈ ! તેમાંથી લગભગ ૭૦ % થી વધુ રકમ તે જ દિવસે ભરાઈ ગઈ !!

અહીં વર્ષોથી શ્રીઆદિનાથ જિનાલય તથા શ્રી શાંતિનાથ જિનાલયનાં સુપન પારણાંની બોલી અલગ - અલગ બોલાય છે. જે આવક થાય, તેના અડધી-અડધી આવક બંને ટ્રસ્ટોમાં વહેંચી દેવાય છે. પૂજ્યશ્રીએ બુલંદ અવાજે, બારનવકારના કાઉસ્સગ્ગમાં જ જન્મવાંચન કર્યું, તેથી તમામને સ્પષ્ટ સાંભળવા મળ્યું. લગભગ - ૪-૧૫ કલાકે કાર્યક્રમ પૂરો થયો. પારણું ઘરે લઈ જવાનો લાભ સંઘવી કુમારપાળ અમીચંદજી બાગરેચા પરિવારે લીધેલો. તેઓના ગૃહે રાત્રે ભાવના (રાત્રિજાગરણ) રાખેલ. ત્યાં પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી ચાંદીની ગીનીઓથી ભગવાનની આગળ ગહુંલી કાઢી હતી. પ્રભાવના પણ રાખેલ. ત્યાં પણ ખૂબ સારી સંખ્યામાં ભાગ્યશાળીઓ પધાર્યા હતા. (ઉપાશ્રયેથી લગભગ ૩ કિ.મી. દૂર). આવવા - જવા માટે તે પરિવારે સાધનોની વ્યવસ્થા પણ રાખી હતી. આ પરિવારે ઘણા ચઢાવા લીધા હતા.

સાતમા દિવસે શ્રી બારસાસૂત્રના ચઢાવા પણ સારા થયા. વર્ષીતપ ચાલતા હોવાથી પ્રમાણમાં મોટી તપશ્ચર્યા ઓછી થઈ. પારણાં તથા તે દિવસે બપોરે સંઘ સાધર્મિક વાત્સલ્ય અલગ - અલગ ભાગ્યશાળીઓ તરફથી થયેલ. પાંચવર્ષની વૈરાગી વિરાગકુમારે અઢાઈની આરાધના અપ્રમત્તપણે કરેલ.

સંવત્સરી પ્રતિક્રમણ પૂજ્યશ્રીએ સમજાવીને કરાવ્યું હતું. પ્રભાવના પણ સારી થયેલ. આજે બારસા સૂત્ર પછી પૂ.સા. સુવ્રતાશ્રીજીમ. ની પુણ્યતિથિ નિમિત્તે મુહપત્તિની પ્રભાવના શા.નરેન્દ્રભાઈ નેમચંદભાઈ - અમદાવાદ તરફથી કરાઈ. બીજી પણ ચાર ભાગ્યશાળીઓની પ્રભાવના હતી.

દેવદ્રવ્યનો દોષ ન લાગે તે માટે, પૂ.સા.પદ્મનંદિતાશ્રીજીમની વર્ષીતપની આરાધના નિમિત્તે ગુરુભક્તો તરફથી ગુરુ અને જ્ઞાનની ભક્તિ માટે થાળી-વાટકી, ફાણસ, ધૂપિયું, બરાસની ડબી, સ્થાપનાજી પધરાવવા માટે કમળ વગેરે ચીજો શ્રી સંઘને ભેટ આપવામાં આવી.

વર્ષોના ક્રમપ્રમાણે ભા.સુ-૬ ના તા.૨૧-૯-૨૩ ગુરુવારે બપોરે ૨-૦૦ કલાકે વરઘોડો (રથયાત્રા) નીકળેલ. ગામના વિવિધ રાજમાર્ગો પર ફરી ૪-૦૦ વાગે ઊતર્યો. ત્યારબાદ પોંખણાં-પ્રભાવના વગેરે થયેલ.

ભા.સુ-૮ ના ગણધર દેવવંદન થયેલ. તે દિવસથી પ્રવચનો પણ ચાલું થઈ ગયાં હતાં.

**(ક્રમશઃ)** ધ